અપીલ અરજી નં.૩૨૯ તા.૬–૨–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા. ૨૯–૧૨–૦૮ ની અરજીથી અઠવા લાઈન્સ સરગમ શોપીંગ સેન્ટરમાં ૧૦ દુકાનો ગેરકાયદેસર બનેલી તેનું ડીમોલેશન કરવામાં કેમ આવ્યું નથી? બીયુસી સર્ટીફીકેટ કયા આધારે આપવામાં આવ્યું, કયા અધિકારીએ આપ્યું તેમના નામ સરનામાં, આર્કીટેકના નામ, સરનામાં, ગેરકાયદેસર દુકાન બનાવવા અંગે જવાબદાર કોણ? દુકાન કયારે તોડવામાં આવશે? તે અંગે જવાબદાર અધિકારી બિલ્ડર કે આર્કીટેક ઉપર પગલાં ભર્યા છે ખરા?વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૯/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા. ૨૯–૧૨–૦૮ ની અરજીથી અઠવા લાઈન્સ સરગમ શોપીંગ સેન્ટરમાં ૧૦ દુકાનો ગેરકાયદેસર બનેલી તેનું ડીમોલેશન કરવામાં કેમ આવ્યું નથી? બીયુસી સર્ટીફીકેટ કયા આધારે આપવામાં આવ્યું, કયા અધિકારીએ આપ્યું તેમના નામ સરનામાં, આર્કીટેકના નામ, સરનામાં, ગેરકાયદેસર દુકાન બનાવવા અંગે જવાબદાર કોણ? દુકાન કયારે તોડવામાં આવશે? તે અંગે જવાબદાર અધિકારી બિલ્ડર કે આર્કીટેક ઉપર પગલાં ભર્યા છે ખરા?વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે સમય મર્યાદા બાદ જવાબ નહીં મળવાના કારણે એપેલેટ ઓફિસરને તા.૬–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત, તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૦ તા.૧૩–૨–૦૯ થી ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકાર (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કલમ ૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદ રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૨૯–૧૨–૦૮ ની મુળ અરજીમાં અઠવા લાઈન્સ સરગમ શોપીંગ સેન્ટરમાં ૧૦ દુકાનો ગેરકાયદેસર બનેલી તેનું ડીમોલેશન કરવામાં કેમ આવ્યું નથી? બીયુસી સર્ટીફીકેટ કયા આધારે આપવામાં આવ્યું, કયા અધિકારીએ આપ્યું તેમના નામ સરનામાં, આર્કીટેકના નામ, સરનામાં, ગેરકાયદેસર દુકાન બનાવવા અંગે જવાબદાર કોણ? દુકાન કયારે તોડવામાં આવશે? તે અંગે જવાબદાર અધિકારી બિલ્ડર કે આર્કીટેક ઉપર પગલાં ભર્યા છે ખરા?વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપ્યા હોવાનું જણાયેલ નથી.

### હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૯–૧૨–૦૮ ની અરજીથી માંગ્યા મુજબ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈના કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી ઉપલબ્ધ દફતરી માહિતી કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશનર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,